# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે બારડોલીમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનું સમાપન કરાવશે.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી ચોમાસાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા સરકારના વિભાગોની સજ્જતાની સમીક્ષા કરી.**
3. **કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારને અગિયાર વર્ષ પૂર્ણ થવા પ્રસંગે જામનગર, ખેડા સહિતના વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો યોજાયા.**
4. **રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના ગઈ કાલે છેલ્લા દિવસ બાદ કેટલીક ગ્રામ પંચાયતો સમરસ જાહેર.**
5. **રાજ્યમાં કોરોનાના એક હજાર 281 કેસમાંથી 23 દર્દીઓ સારવાર હેઠળ જ્યારે 149 દર્દીઓ સાજા થયાં.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# BARDOLI SHIVRAJSINGH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીમાં સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી વર્ષના ઉપલક્ષ્યમાં યોજાનાર ખેડૂત સંમેલનની અધ્યક્ષતા કરશે.

વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન 29મી મે થી યોજીને દેશના રાજ્યોમાં ખેડૂત અને ખેતીને લગતા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. ત્યારે આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો શિવરાજસિંહ ચૌહાણે ઓરિસ્સાથી રાષ્ટ્રીય પ્રારંભ કરાવ્યો હતો તેનું સમાપન હવે કેન્દ્રીય કૃષિ મંત્રીની ઉપસ્થિતિમાં આજે સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીમાં ખેડૂત સંમેલન સાથે થશે..

પ્રસ્તુત છે એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ – લોપા દરબાર)

---

# CM MOONSOON ACTION PLAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી ચોમાસાની સંભવિત વરસાદી સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારની સજ્જતા અને આગોતરા આયોજનની માહિતી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં મેળવી હતી.

રાજ્યમાં પ્રિ-મોનસૂન કામગીરી વિવિધ વિભાગોએ હાથ ધરી છે અને વરસાદી સ્થિતિમાં જનજીવનને વિપરીત અસર ન પડે તેવું આયોજન પોતાના વિભાગોના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરીને કર્યું છે.

તેમણે કહ્યું કે, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વરસાદી સ્થિતિના સમયે જરૂર જણાયે પ્રશાસનની સહાયતા માટે એન.ડી.આર.એફ.ની ટીમ સમયસર પહોંચે તે હેતુસર કચ્છ - સૌરાષ્ટ્ર માટે એક ટીમ પરમેનેન્ટ ડીપ્લોય રહે તે જરૂરી છે. તેમણે આ માટે NDRF સાથે જરૂરી સંકલન માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દરેક વિભાગોના વરિષ્ઠ સચિવોને જણાવ્યું કે, ચોમાસા દરમિયાન જે દુરસ્તી કામ યુદ્ધના ધોરણે હાથ ધરીને જનજીવન પૂર્વવત કરવામાં આવે તે વિષયને સોશિયલ મીડિયા અને મીડિયા દ્વારા સકારાત્મક રીતે લોકો સુધી પહોંચે તે પણ જરૂરી છે.

વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, સિંચાઈ અને જળ સંપત્તિ, પાણી પુરવઠો, ઉર્જા, અન્ન નાગરિક પુરવઠો, માર્ગ મકાન, આરોગ્ય સહિતના પ્રજાજીવન સાથે સીધા સંકળાયેલા વિભાગો દ્વારા ચોમાસા પૂર્વેની પ્રવૃત્તિઓના આયોજનની છણાવટ કરવામાં આવી હતી.

આ સાથે વીજ પુરવઠો ન ખોરવાય , માર્ગોની તાત્કાલિક મરામત જેવા કામોને પ્રાથમિકતા આપવાની પણ અધિકારીઓને મુખ્યમંત્રીએ સૂચના આપી હતી.

---

# MODI GOVT 11 YEARS

કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદી સરકારના સુશાસનના 11 વર્ષ પૂર્ણ થતા સમગ્ર રાજ્યમાં તેની ઉજવણી કરવામાં આવી રહી છે આ અંતર્ગત જામનગરમાં પણ અલગ અલગ

કાર્યક્રમો દ્વારા 11 વર્ષની ઉજવણી કરવામાં આવી હતી . જેમાં ધીરુભાઈ અંબાણી વાણિજ્ય ભવન ખાતે પ્રોફેશનલ મીટ યોજાઇ હતી જેમાં પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્ર સરકારની અનેકવિધ જન સુખાકારી અને લોકહિતની યોજનાઓ અંગે સાંસદ પૂનમ માડમે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

## બાઇટ- પૂનમ માડમ, સાંસદ , જામનગર

જ્યારે ખેડા જિલ્લાના મુખ્યમથક નડિયાદ ખાતે યોજાયેલા વ્યવસાયિકોનું વિશાળ સંમેલન ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ નયનાબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયું હતું. રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા , પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત રાજ્યના નાણામંત્રી કનુ દેસાઇએ કહ્યું હતું કે છેલ્લા અગિયાર વર્ષમાં ભારતે વિશ્વમાં વિકાસનો ડંકો વગાડ્યો છે.

## બાઇટ- કનુ દેસાઇ , નાણામંત્રી

---

# GRAM PANCHAYAT ELE

રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો ગઈકાલે છેલ્લો દિવસ હતો. જોકે ચૂંટણી યોજાય તે પહેલા જ રાજ્યમા કેટલીક ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ.

ડાંગના આહવા તાલુકામા 26 ગ્રામ પંચાયતોમા ચૂંટણી યોજાનાર હતી. જેમાંથી 7 ગ્રામ પંચાયત સમરસ જાહેર થતા 17 ગ્રામ પંચાયતોમા ચૂંટણી યોજાશે અને 2 ગ્રામ

પંચાયત અંશત બિનહરીફ જાહેર કરવામાં આવી છે. તે જ રીતે વઘઇ તાલુકામા 17 ગ્રામ પંચાયતોમાંથી 5 ગ્રામ પંચાયત સમરસ થતા હવે 12 ગ્રામ પંચાયતો પર ચૂંટણી થશે. જ્યારે સુબીર તાલુકામા 4 ગ્રામ પંચાયત સમરસ જાહેર થતા હવે 13 ગ્રામ પંચાયતોમા ચૂંટણી યોજાશે.

તાપી જિલ્લાની 40 ગ્રામ પંચાયતો માંથી ત્રણ ગ્રામ પંચાયત સમરસ જાહેર થતા હવે 37 ગ્રામ પંચાયત પર ચૂંટણી યોજાશે.

કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ માટે 575 ફોર્મ ભરાયા છે. ગઈકાલે 210 જેટલા ફોર્મ પરત ખેંચાયા છે. અને 30 ગ્રામ પંચાયતો સમરસ બનતા હવે સરપંચ સહિત કુલ 1 હજાર 662 ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે.

બીજી તરફ મોરબી જિલ્લાની 50 ટકાથી વધુ ગ્રામ પંચાયતો સમરસ બની છે .હવે રાજ્યમાં આગામી 22 જૂને મતદાન અને 25 જૂને મતગણતરી હાથ ધરાશે.

---

# COVID-19

રાજ્યમાં કોરોનાના એક હજાર 281 સંક્રમિત કેસ નોંધાયા છે.. જેમાં 23 દર્દીઓ અલગ અલગ હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યાં છે.. જ્યારે અન્ય એક હજાર 258 દર્દીઓ હોમ આઇસોલેશનમાં હોવાનું રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

કોરોનાની સારવાર લઇને 143 દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફર્યા હોવાના પણ અહેવાલ છે.. કોરોનાને કારણે એક પણ મૃત્યુ નોંધાયું નહીં હોવાનું પણ આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

---

## (FTII) FIL COURSE

માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળના ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા ( FTII) એ પુણેમાં યોજાનારા તેના મુખ્ય ફિલ્મ એપ્રિસિએશન કોર્સ (મધ્ય વર્ષ 2025) માટે અરજી કરવાની અંતિમ તારીખ સાત જૂનથી લંબાવીને 15 જૂન કરી છે. FTII અને નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન - નેશનલ ફિલ્મ આર્કાઇવ ઓફ ઇન્ડિયા દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કોર્સ , FTIIની વ્યાપક આઉટરીચ પહેલનો એક ભાગ છે.

આ કોર્સ તારીખ 23 જૂનથી 11 જુલાઈ 2025 યોજાશે. કોર્સમાં પ્રવચનો, સ્ક્રીનીંગ અને ચર્ચાઓનો સમાવેશ થાય છે , જેમાં દરરોજ સવારે 9:30 થી રાત્રે 8:30 વાગ્યા સુધી સત્રો યોજવામાં આવે છે.

---

## BAL MAJURI VIRODHI DIVAS

વિશ્વભરમાં આજે વિશ્વ બાળમજૂરી વિરોધી દિવસ મનાવવામાં આવશે. તેનો ઉદ્દેશ યુવાન શ્રમિકોની સલામતી, આરોગ્યમાં સુધારો કરવાનો અને બાળ મજૂરીનો

અંત લાવવાનો છે. ત્યારે ગુજરાતમાં બાળમજૂરી વિરોધી કાયદાના અસરકારક અમલીકરણ માટે દરેક જિલ્લામાં કલેક્ટરની અધ્યક્ષતામાં વિશેષ જિલ્લા કાર્યદળ બનાવાયું છે. રાજ્યમાં બાળમજૂરીને નાથવા થયેલી કામગીરી અંગે સાંભળીએ એક અહેવાલ.

(V/C- SAMEER ANSARI)

(..... ભારતીય બંધારણની કલમ- 23-માં જોખમી ઉદ્યોગોમાં બાળકોને શ્રમકાર્ય માટે રાખવા પર પ્રતિબંધ મૂકાયો છે. તે અંતર્ગત ગુજરાતમાં બાળ મજૂરીના દૂષણને નાથવા શ્રમ આયુક્તની કચેરી દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. કચેરી દ્વારા ગત પાંચ વર્ષમાં ચાર હજારથી વધુ દરોડા પાડી 616 બાળકને મુક્ત કરાયા અને તેમની પાસે કામ કરાવના રાઓને 72 લાખ 88 હજાર રૂપિયાનો દંડ વસૂલાયો. ઉપરાંત ગત પાંચ વર્ષમાં દોષિતો સામે 791 ફોજદારી કેસ અને 339 F.I.R. પણ નોંધવામાં આવી છે.

સમાચાર વિભાગથી સમીર અન્સારી, આકાશવાણી, અમદાવાદ)

---

# RAJKOT LRD EXAM

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ ગાંધીનગર દ્વારા રાજકોટ શહેરમાં 149 કેન્દ્રો ખાતે 15મી જૂનના રોજ સવારે 9:30 કલાકથી 12:30 કલાક સુધીમાં લોકરક્ષક કેડર - 2025ની લેખિત પરીક્ષા યોજવામાં આવશે.

આ પરીક્ષા પરીક્ષાર્થીઓ કોઇપણ જાતની ખલેલ વિના મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તે માટે પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્રોનાં કમ્પાઉન્ડમાં

તેમજ તેની ચારેય બાજુની 100 મીટરની ત્રિજયાના વિસ્તારમાં સવારે 8 વાગ્યાથી દોઢ વાગ્યા સુધી કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી.

આ ઉપરાંત શાળાઓ, કોલેજો (પરીક્ષા કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહીં, વાહન લઈ જઈ શકશે નહી, લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં તેમજ ચારથી વધુ વ્યક્તિઓ ભેગા થશે નહીં.

પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રને લગતું સાહિત્ય, પુસ્તક, ચાર્ટ, ગાઇડ, મોબાઈલ ફોન, ટેબ્લેટ વગેરે જેવા ડિજિટલ ઉપકરણો પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જઈ શકશે નહીં તેમજ કેન્દ્ર આસપાસના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઈને ઈન્ચાર્જ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાએ પ્રતિબંધ મૂક્યા છે. આ આદેશનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

---